# પ્રકરણ-૧

# ધીરુબહેન પટેલ-સર્જકનો પરિચય

# પ્રકરણ-૧

# ધીરૂબહેન પટેલ-સર્જકનો પરિચય

## ૧.૧ પ્રાસ્તાવિક

ઈ.સ. ૨૦૦૨થી ઈ.સ. ૨૦૦૫ સુધીનાં વર્ષો દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદનાં ૪૨માં પ્રમુખ તરીકેની વરણી પામેલાં ધીરૂબહેન પટેલનું સાહિત્યસર્જન ઉપકારક બની રહ્યું છે. તેમણે ગુજરાતી સાહિત્યને સુપ્રસિદ્ધ નવલકથાઓ આપી છે. નવલકથા ઉપરાંત નાટકો, રેડિયો નાટકો, એકાંકી, હાસ્યકથાઓ, ટૂંકીવાર્તાઓ, અનુવાદ, સંપાદન અને ભવાઈ એમ તમામ ક્ષેત્રે સર્જન કર્યું છે. ધીરૂબહેન પટેલને દિલ્હી સાહિત્ય અકાદમીનું પારિતોષિક અને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો છે. તેમનાં જીવન વિશે જોઈએ.

## ૧.૨ જન્મ-પરિવાર

ધીરૂબહેન પટેલનો જન્મ તા. ૨૯-૦૫-૧૯૨૬ના રોજ વડોદરામાં થયો હતો. તેમનું મૂળ વતન ધર્મજ ગામ છે. તેમનું બાળપણ મુંબઈમાં જ વીત્યું હતું. ધીરૂબહેન પોતાના બાળપણ વિશે જણાવતાં કહે છે કે, "સાઇકલ પર બેસીને જુહુને દરિયે એકલી ફરવા જાઉં પણ તે સામાન્ય પ્રવાસ ન હોય."[i]

ધીરૂબહેન પટેલના પિતાજીનું નામ ગોરધનભાઈ વાઘજીભાઈ પટેલ હતું. તેઓ વ્યાવસાયિક પત્રકાર હતા. તેઓ અંગ્રેજી-ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે નામના ધરાવતા હતા. તેઓ દેશપ્રેમી, સમાજસેવી અને ઉત્તમ વક્તા પણ હતા.

ધીરૂબહેન પટેલના માતાનું નામ ગંગાબહેન હતું. તેઓ તંત્રી અને લેખિકા હતાં. ‘વંદે માતરમ’, ‘મુંબઈ સમાચાર’, ‘બે ઘડી મોજ સાંજ વર્તમાન’, ‘નવગુજરાત’ વગેરે પત્રોમાં એમના અનેક લેખો પ્રગટ થયા છે. પ્રત્યેક સાપ્તાહિકમાં નિયમિત રીતે પ્રગટ થતી ‘કૉલમ’ પણ એમણે લખી છે. ‘યુવક’, ‘આરામ’, ‘પાટીદાર’, ‘સ્ત્રીબોધ’, ‘ગુણસુંદરી’, ‘શારદા’, ‘સ્ત્રીશક્તિ’ વગેરે માસિકોમાં એમના લેખો પ્રગટ થયા છે. ક્યારેક જરૂર પડે તેઓ ધીરૂબહેનની નિબંધની નોટનો પણ ઉપયોગ કરતાં. સામયિક માટે અશુદ્ધ ભાષામાં આવતા લેખોનું શુદ્ધિકરણ ધીરૂબહેન પાસે કરાવવામાં આવતું.

ગંગાબહેને ગોરધનભાઈની પ્રેરણાથી જાતે અધ્યયન શરૂ કર્યું હતું. અઢારમે વરસે મુંબઈમાં યહૂદી શિક્ષક પાસેથી અંગ્રેજીનો અભ્યાસ કર્યો. તેમણે સંસ્કૃત ભાષા પણ શીખી. તેમણે ‘ગુજરાતણ ટાઇપીસ્ટ અને વાતો’ નામે વાર્તસંગ્રહ પ્રગટ કર્યો. તેમણે ‘સ્મૃતિ સાગરને તીરે’ આત્મકથા લખી હતી.

ધીરૂબહેન પટેલને ત્રણ ભાઈઓ હતા. મોટાભાઈનું નામ મનહરલાલ, બીજા ભાઈનું નામ દત્તુભાઈ અને સૌથી નાનાભાઈનું નામ વિનોદ હતું. ધીરૂબહેન ત્રણ ભાઈઓ વચ્ચે એક જ બહેન હતાં. ધીરૂબહેનને મોટાભાઈ પ્રત્યે ખૂબ લાગણી હતી. મોટાભાઈનું મૃત્યુ ડાકોરની ગોમતી તળાવમાં ડૂબી જવાથી થયું હતું. ધીરૂબહેનને ખૂબ જ આઘાત લાગ્યો. તેઓ બીમાર પડી ગયાં. ચાર માસ સુધી કૉલેજ પણ ન ગયાં. ગંગાબહેનને મનહરના અવસાનથી એ રાત્રે ‘હાર્ટ એટેક’નો હુમલો આવ્યો હતો.

ધીરૂબહેને મોટાભાઈના મૃત્યુના આઘાતથી પ્રથમ સાહિત્યસર્જન ‘અધૂરો કૉલ’ વાર્તાસંગ્રહ રચ્યો. જે આ પંક્તિઓમાં વ્યક્ત થાય છે.

મોટાભાઈને

“કાલાબ્ધિનાં ગહન વારિ મહીં સમાયાં,

ઢૂંઢી શકે ન દંગ આ–રહી જાય થાકી,

તે બંધુ બંધુર વળી પ્રિય મિત્ર! આજે

સાકાર આશ તમ, હું સુખ-શોક-મગ્ન."[ii] - અધૂરો કૉલ

ધીરૂબહેન મોટાભાઈની યાદમાં શોકમગ્ન હતાં. એ જીવિત રહ્યા નથી એનું દુ:ખ અહીં વ્યક્ત કર્યું છે.

ધીરૂબહેનનો દત્તુભાઈ સાથે પણ અતૂટ સંબંધ હતો. તેઓ જે કંઈ પણ લખતાં તેને દત્તુભાઈ ધ્યાનપૂર્વક વાંચી ટીકા કરતા. તે ધીરૂબહેનનાં વખાણ રામપ્રસાદ બક્ષી પાસે જઈને કરતા. ધીરૂબહેને 'શીમળાના ફૂલ' પુસ્તકમાં દત્તુભાઈ વિશે લખ્યું છે કે,

દત્તુભાઈને-

"વૈશાખી વાટમાં

લીલો લીમડો મારા ભાઈ

દત્તુભાઈને"[iii]

- શીમળાના ફૂલ'

ધીરૂબહેન આજીવન કુવારાં રહ્યાં છે. તેમણે લગ્ન ન કર્યા એવો કોઈ અફસોસ નથી. એ સંદર્ભે માતૃશ્રીને યાદ કરતાં ધીરૂબહેન કહે છે કે, "તેઓ મારા જન્મ પહેલાં મારી સાથે વાતો કરતાં અને લગ્ન ન કરતી, તારા જ પગે ઊભી રહેજે ને સંસારમાં કંઈક કરી બતાવજે એવું કહેતાં."[iv] ધીરૂબહેન પરિવારમાં સુખી છે. એમનાં ભાઈનાં સંતાનો વર્ષા, જલ્પા, મિત્રા અને પ્રાચી પ્રત્યે ઘણું વહાલ છે. આ રીતે ધીરૂબહેનના માતા-પિતા, ત્રણ ભાઈઓ, ભત્રીજાઓ, ભત્રીજીઓથી તેમનું પરિસર હતું.

## ૧.3 અભ્યાસ

ધીરૂબહેન પટેલ તેજસ્વી વિદ્યાર્થીની હતાં. એમને સાહિત્યના અભ્યાસમાં વધુ અભિરુચિ હતી. ધીરૂબહેનના વાંચન વિશે એમના માતા-પિતા કહેતા કે, "હું વાંચતાં શીખી તેની ઘરમાં કોઈને ખબર નહોતી પડી. 'મુંબઈ સમાચાર'ના પહેલા પાના પરની મોટા અક્ષરોમાં છપાયેલી હેડલાઈન એક દિવસ મેં મોટેથી વાંચી ત્યારે મારાં માબાપને અત્યંત આશ્ચર્ય થયેલું."[v] તેમને વાંચનનો ઘણો શોખ હતો. ઘરના તથા શાળાના પ્રોત્સાહક વાતાવરણને કારણે તેમનો વાંચનપ્રેમ વિકસ્યો હતો. ધીરૂબહેનને દરરોજ એક નવું પુસ્તક વાંચવાની આદત પડી ગઈ.

તેમણે નવ વર્ષની ઉંમરે 'સરસ્વતીચંદ્ર'ના ચારેય ભાગ વાંચી લીધા હતા. ઘરના આંગણામાં આવેલાં ત્રણ વૃક્ષો–વડ, આંબલી અને ચીકુને તેઓ વાંચનમહેલ તરીકે ઓળખાવતાં. તેના પર બેસી તેઓ કલાકો સુધી વાંચ્યા કરતાં.

છ-સાત વર્ષની વયથી જ ધીરૂબહેને ડાયરી લખવાનું શરૂ કરી દીધું હતું. જુદાં જુદાં ચિત્રો જોઈને એનું વર્ણન કરવાનો શોખ હતો. એમનાં આ વર્ણનોમાં સર્જનાત્મકતાના અંશો જોવા મળે છે.

એમણે શાળાનું શિક્ષણ મુંબઈની સાન્તાક્રુઝની શેઠ આનંદીલાલ પોદ્દાર હાઇસ્કૂલમાંથી લીધું. ઉચ્ચ શિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કર્યો. ઈ.સ. ૧૯૪૫માં એન્ટાયર અંગ્રેજી વિષય સાથે એમણે સ્નાતક પરીક્ષા આપી. તેઓ ઈન્ટર આર્ટ્સમાં આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યાં. તેમણે અંગ્રેજી તથા ગુજરાતીમાં સૌથી વધારે ગુણાંકો મેળવીને અનેક ઇનામ તથા શિષ્યવૃત્તિઓ મેળવ્યાં છે. ઈ.સ. ૧૯૪૮માં અંગ્રેજી વિષય બીજા વર્ગમાં એમણે ઉત્તીર્ણ કરી.

એ અરસામાં 'ગુજરાતી સાહિત્ય પર અંગ્રેજીનો પ્રભાવ' એ વિષય પર પીએચ.ડી.ની પદવી માટે શરૂ કરેલું શોધકાર્ય સંજોગવશાત પૂરું ન કરી શક્યાં.

## ૧.૪ માતા-પિતા અને ગુરુજનોનો પ્રભાવ

ધીરૂબહેન પટેલના જીવનઘડતરમાં માતા-પિતા, સગાસંબંધીઓ તેમજ ગુરુજનોનો ફાળો છે. ઘરના સંસ્કારો ઉપરાંત ઘરમાં આવતા મહેમાનો જેમ કે સરોજિની નાયડુ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય વગેરેનો પ્રભાવ ધીરૂબહેન ઉપર રહેલો છે. તેમનું બાળપણ ખૂબ જ ખુશનુમા વાતાવરણમાં ખીલ્યું હતું.

સાહિત્ય પ્રત્યેનો પ્રેમ જગાડનાર પૂ. રામપ્રસાદ બક્ષી, બી.આર.દેસાઈ, વીરુબહેન દિવાન, વિઠ્ઠલદાસ, ધનસુખલાલ મહેતા, ભૃગુરાય અંજારિયા, કનૈયાલાલ મુનશી, સુરેશ દલાલ વગેરે છે. "હું શાળામાં ભણતી ત્યારના શિક્ષકો-ભાષા માટેની ચોકસાઈ, શબ્દકોશ જેવા ગ્રંથોનો ઉપયોગ અને ઝીણવટભર્યું વાંચન તેઓએ મને શીખવાડ્યું. ઉત્તમ સાહિત્યનો સ્પર્શ કરાવ્યો. શિક્ષણ તે માત્ર પરીક્ષાની વંડી ટપી જવાનું કે વધારે માર્ક ઢસડી લાવવાનું સાધન ન બનતાં સાહિત્યના અમૂલ્ય અને અસીમ ખજાનાનું ઢાંકણ ખોલનાર જાદુઈ ચાવી બન્યું તે આ લોકોની કૃપા વડે."[vi]

ધીરૂબહેન પટેલના સાહિત્યિક સર્જનના વિકાસમાં ગુરુજનોનો ફાળો રહેલો છે. તેમની અંગ્રેજી, સંસ્કૃત અને માતૃભાષા પર પ્રબળ પ્રભુત્વ બન્યું. જેમાં રામપ્રસાદ બક્ષીએ શાળાજીવન દરમિયાન વ્યુત્પત્તિ, છંદ-અલંકાર અને ભાષાની સભાનતા લાવવામાં વિશેષ ફાળો આપ્યો છે.

આ રીતે ધીરૂબહેન પટેલના વ્યક્તિત્વ સર્જકત્વના ઘડતરના વિકાસમાં ગુરુજનો તેમજ માતા-પિતાનો અગત્યનો ફાળો છે.

## ૧.૫ વ્યવસાય

ધીરૂબહેન પટેલને નાનપણથી જ સાહિત્ય પ્રત્યે રુચિ હતી. એમણે સાહિત્ય સાથે સંબંધ ધરાવતો વ્યવસાય પસંદ કર્યો. ઈ.સ. ૧૯૪૯માં ભારતીય વિદ્યાભવનની મેઘજી

મથુરદાસ આર્ટ્સ કૉલેજમાં અધ્યાપિકા તરીકે જોડાયાં. છ વર્ષ બાદ 'હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ' થયાં.

ઈ.સ. ૧૯૪૯થી ૧૯૬૧ સુધી વિદ્યાકીય સેવામાં પ્રવૃત્ત રહ્યાં. ત્યાંથી એમણે અધ્યાપનકાર્ય છોડીને ઈ.સ. ૧૯૬૩-૬૪ દરમિયાન મુંબઈ પાસે દહિંસરની કૉલેજમાં કામ કર્યું.

ધીરૂબહેન પટેલે સ્વતંત્ર પ્રકાશન પ્રવૃત્તિઓ પણ કરી. તેમણે 'આનંદ પબ્લિશર્સ' નામે પ્રકાશન સંસ્થા શરૂ કરી. એની કાર્યપ્રવૃત્તિમાં કિશોરો માટેનાં છ પુસ્તકો પ્રગટ કર્યાં. એ સંસ્થા સમેટી લઈ ઈ.સ. ૧૯૬૩-૬૪માં 'કલ્કિ પ્રકાશન'નો પ્રારંભ કર્યો. જેમાં 'અંડેરી ગંડેરી ટીપરી ટેન' જેવી સર્જક કૃતિઓ પ્રકાશિત કરી છે. આ પ્રકાશન સંસ્થા આજે પણ કાર્યરત છે. તેમણે ગુજરાતી સાહિત્ય અકાદમીનાં પુસ્તકો પણ પ્રકાશિત કર્યાં છે. ઈ.સ. ૧૯૬૭માં 'જન્મભૂમિ' જૂથની સ્ત્રીઓનાં લોકપ્રિય સાપ્તાહિક 'સુધા'ના આરંભકાળથી તંત્રી હતાં. તેઓ ઈ.સ. ૧૯૬૬ થી 'સુધા'માં માનદ તંત્રી હતાં. ઈ.સ. ૧૯૭૫માં 'સુધા'નું તંત્રીપદ છોડી એ પદેથી નિવૃત્ત થયાં. ઈ.સ. ૧૯૭૬-૭૭ના વર્ષમાં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદનાં મંત્રી રહેલાં. ઈ.સ. ૨૦૦૪થી ઈ.સ. ૨૦૦૫ સુધીના સમયગાળા માટે ધીરૂબહેન પટેલની ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે વરણી થઈ.

ધીરૂબહેનના મિત્રો કાંતિભાઈ અને ભોગીન્દ્રભાઈની પ્રેરણાથી ચલચિત્રો લખવાનું શરૂ કર્યું. જેમાં 'ઘેર ઘેર માટીના ચૂલા', 'વેરની વસૂલાત', 'ભવની ભવાઈ' જેવી ફિલ્મોમાં ગીતો, સંવાદો અને પટકથા લખવાનું શરૂ કર્યું. જેમાં 'ભવની ભવાઈ' જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર ફિલ્મ મળી. 'માયાપુરુષ' નાટકસંગ્રહમાંના 'દેજો રન્નાદે!' નાટકને આધારે તેમની ગુજરાતી સીરિયલ 'અનુરાધા' લખાઈ હતી. 'દાદાને

આંગણ આંબલો' નાટક રાષ્ટ્રીય સ્તરે સ્વીકાર પામીને બધી ભારતીય ભાષાઓમાં રજૂ થયું હતું.

## ૧.૬ રસ-રુચિ :

ધીરૂબહેન પટેલને ફરવા જવાનો, ઝાડ પર ચડવાનો, સાઈકલ ચલાવવાનો, ચિત્રકલા, સંગીત સાંભળવાનો, પશુ-પંખી વિશે જાણવાનો અને જુદી જુદી વનસ્પતિઓનો પરિચય મેળવવાનો વગેરે જેવા શોખ છે. તેમનો ખૂબ જ પ્રિય શોખ વાંચનનો હતો. આ વાંચનની રસ-રુચિને વિકસાવવામાં એમનાં પિતાજી દરરોજ એક નવું પુસ્તક લાવીને આપતા. બીજે દિવસે એ પુસ્તક વાંચી લેતાં. ધીરૂબહેન વાંચન વિશે કહેતાં કે,

'ટૂંકી વાર્તા વાંચવી ગમે છે. લખવી તો વળી વધારે ગમે છે... મને આ વાર્તાઓ લખવામાં જે આનંદ મળ્યો છે તે જો કોઈ વાચકને વાંચતાં પણ મળે તો બસ, એથી વધારે શું જોઈએ?'[vii]

એમણે નવ વરસની ઉંમરે 'સરસ્વતીચંદ્ર'ના ચારેય ભાગ વાંચી લીધા હતા. શાળામાં એમણે તેર વરસે જ્યોર્જ બર્નાડ શોનાં બધાં નાટકો વાંચેલાં. આ સાહિત્યસર્જન પાછળ એમનો જીવનનો મોટાભાગનો સમય પસાર થતો.

## ૧.૭ વ્યક્તિત્વ ઘડતર

ધીરૂબહેન પટેલ સ્વભાવે પ્રેમાળ, સંવેદનશીલ અને સ્વમાની છે. તેઓ કોઈપણ ક્ષેત્રોમાં આત્મવિશ્વાસથી આગળ વધતાં. તેઓ સત્યનાં આગ્રહી હતાં. તેમને સ્ત્રીઓ પ્રત્યે ખૂબ જ લાગણી હતી. તેઓ સ્ત્રીઓના હક માટે નીડરપણે લડતાં.

ધીરૂબહેનનું ઘડતર આઝાદીના સમયગાળાના વાતાવરણમાં થયું છે. તેમણે ગાંધીજીના મૂલ્યો આત્મસાત કર્યાં છે. ધીરૂબહેનને પિતા પાસેથી બુદ્ધિપ્રતિભા અને

પરિશ્રમના ગુણ પ્રાપ્ત થયા છે. જે એમને કથાસર્જકની સફળતા અપાવે છે. તેઓ પોતાના જીવન વિશે કહેતાં કે,

"નાનપણથી જાણે હું બે જીવન જીવતી આવી છું. એક તો છે સપાટી પરનું વ્યવહારિક જીવન, જેની સ્થૂળ ઘટનાઓ બહારનું જગત હોઈ શકે, જાણી શકે, મૂલવી શકે. બીજું છે મારી એકલીનું, મારી અંદરનું જીવન."[viii]

અન્યાય વિરુદ્ધ લડવામાં કદી પાછી પાની ન કરનાર ધીરૂબહેન સ્ત્રીને વ્યક્તિ તરીકે જ જુએ છે. સ્ત્રી સ્વત્વ ટકાવીને જે કરી શકે, તેમાં જ તેમની સફળતા છે એમ તેમનું માનવું છે. ધીરૂબહેનની  સ્મરણશક્તિ, વાંચનશોખ, તેમની પ્રાધ્યાપક તરીકેની પ્રવૃત્તિઓએ સર્જનને આકાર આપવાનું કાર્ય કર્યું છે.

## ૧.૮ લેખનકાર્ય

ધીરૂબહેને પંદર વરસની ઉંમરથી જ વાર્તા લખવાની શરૂઆત કરી હતી. તેમણે સૌપ્રથમ 'સંજોગ' (૧૯૪૧-૪૨) નામની ટૂંકીવાર્તા લખી હતી. જે 'સંદેશ'ના દીપોત્સવી અંકમાં છપાઈ હતી. તેના માટે એમને ૧૦ રૂ. પુરસ્કાર મળ્યો હતો. તેમણે ગુજરાતી ભાષામાં સૌપ્રથમ સત્તર નવલિકાઓનો સંગ્રહ 'અધૂરો કૉલ' (૧૯૫૫) આપ્યો. પોતાના સર્જન વિશે ધીરૂબહેન જણાવે છે કે, "સર્જન પાછળ મારૂં મન જ મારી પ્રેરણા. મનમાં ઊગે તે સાચું. કૃતિ મનમાં ઘડાઇ જાય પછી જ લખવા બેસું. એક જ વાર લખું. First draft is final draft. એવું કાયમ બને છે. મનમાં પાકું બેસે નહીં ત્યાં લગી કાગળને હાથ ન અડાડું."[ix]

સાહિત્ય ઉપરાંત તેઓ અનેક સમાજસેવી સંસ્થાઓ સાથેના સંપર્કમાં હતાં. એમણે ઘણા લોકોના વ્યવહાર અને સ્વભાવનું નિરીક્ષણ કરવાની ટેવ છે.

ધીરૂબહેન પટેલે ગુજરાતી સાહિત્ય સર્જનમાં 'નવલિકા'થી શરૂઆત કરી છે, એની સમાંતર નાટક, નવલકથા જેવા સ્વરૂપમાં પણ પોતાની ગતિવિધિ કરે છે.

ધીરૂબહેનની સાહિત્ય સર્જનની દૃષ્ટિ વિકસાવવામાં તેમનાં માતા-પિતાએ વાંચન માટે ઉત્તરો આપ્યા, જ્યારે પણ લખવું હોય ત્યારે લખવા દીધું. ધીરૂબહેન કહે છે "મારી અંદરનું જીવન લીલુંછમ રહી શક્યું એનું મુખ્ય કારણ મારાં માતા-પિતા. એમણે મને હંમેશાં મારી રીતે જીવવા દીધી છે."[x] ધીરૂબહેનને એમના મામા અંબાલાલ પાસેથી ફિલસૂફી અને કવિતાઓનો ઘણો લાભ મળ્યો છે. એમના મામા વિશે કહે છે કે "હું દસ વરસની હતી ત્યારે જાણે કોઈ સમવયસ્ક વ્યક્તિ હોઉં એ રીતે મારી સાથે વાતો કરતાં– એમની કવિતાની એમના અનુભવોની, એમની વેદનાઓની."[xi]

ધીરૂબહેનને પિતાના મિત્ર મણિભાઈ ગુપ્તા પાસેથી 'સાચી જોડણી' અને પ્રેસ કોપી કેવી હોવી જોઈએ તે અંગે જ્ઞાન મળ્યું.

ધીરૂબહેન ભવન્સ કૉલેજમાં પ્રોફેસર હતાં ત્યારે કનૈયાલાલ મુનશીનું લાંબું ભાષણ સાંભળતાં. એ ભાષણની અસરથી તેમણે 'વિનાશને પંથે' નાટક લખવાની પ્રેરણા મળી. તેના વિશે તેઓ કહેતાં હતાં, "સ્વિટ્ઝરલૅન્ડમાં ફરતાં ફરતાં એક જગ્યાએ વૃદ્ધાશ્રમની મુલાકાતે ગયા. એક ઓરડીમાં એક ઘરડી બાઈ બેઠી હતી. એના ટેબલ પર એનાં પૌત્રપૌત્રીઓનો એક ફોટોગ્રાફ હતો. મને બહુ દયા આવી-મને થયું, ફોટોગ્રાફ શા માટે? છોકરાંઓ જ કેમ નહી. રાતે ઘેર આવીને નાટક લખવા માંડ્યું. 'વિનાશને પંથે'. સાડા ત્રણ દિવસમાં પૂરૂં કર્યું. તાવ ચડી ગયો તોયે અટકાય નહીં. કૉલેજ જાઉં, ભણાવું યાંત્રિક રીતે થયા કરે. મગજ પર નાટક ચડી બેઠેલું. લખી રહી ત્યારે હાશ થઈ."[xii]

કૃષ્ણવીર દીક્ષિતેના આગ્રહથી 'વડવાનલ' નવલકથા લખી. તેમના સર્જનને ચોક્કસ દિશા મળી. ઈ.સ. ૧૯૭૬ પછી ફિલ્મો માટે પટકથા, સંવાદ અને ગીતો લખવાનું

શરૂ થયું. ઘણાંય પ્રસંગો, ઘટનાઓ અને સમાજના અનેક બનાવોમાંથી, માતા-પિતા, શાળામાં ગુરુજનો અને સ્નેહીજનો દ્વારા અખૂટ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

ધીરૂબહેન પટેલના વાર્તાઓની રચનામાં પાત્રની સાથે આત્મીય થતાં. ધીરૂબહેન સર્જન વિશે જણાવતાં કહે છે કે,

"સર્જનને આનંદ સિવાય બીજું પ્રયોજન ન હોય તે હું સ્વીકારું છું પણ જ્યારે આપણું લખાણ આપણા મેજ પરથી ઊતરીને દુનિયાની સફર કરવા નીકળે ત્યારે સામાજિક જવાબદારીમાંથી છટકી ન શકાય. મારું લખાણ મારે માટે–તમે સમજો ન સમજો, તમારા પર શી અસર થાય, તેની મને પરવા નથી એવું જે માને તેણે લખાણ છપાવવાના મોહમાંથી છૂટવું ઘટે."[xiii]

ધીરૂબહેનની લેખનપદ્ધતિ બહુ સરળ છે. જે તે સમયના વાતાવરણમાંથી ઊભરી આવે છે એ સ્વરૂપે સાહિત્યકૃતિમાં લખતાં જાય છે.

## ૧.૯ ધીરૂબહેન પટેલને એનાયત થયેલ પારિતોષિકો

ધીરૂબહેન પટેલ અનેક પુરસ્કારોથી સન્માનિત થયાં છે. તેમને મળેલાં પારિતોષિકો અને પુરસ્કારોની યાદી ક્રમિક સાલવારી પ્રમાણે રજૂ કરી છે.

### સાહિત્યિક પુરસ્કારોની ક્રમિક યાદી

| ક્રમ | વર્ષ | કૃતિનું નામ | પારિતોષિક, ચંદ્રક, સન્માન | સંસ્થાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૫૭ | 'એક લહર' (વાર્તાસંગ્રહ) | પ્રથમ પારિતોષિક | મુંબઈ સરકાર તરફથી |
| ૨ | ૧૯૬૩ | 'અંડેરી ગંડેરી | પારિતોષિક | ગુજરાત સરકાર દ્વારા |

| | | | | |
|---|---|---|---|---|
| | | ટીપરી ટેન' (બાળસાહિત્ય) | | |
| ૩ | ૧૯૬૩ | 'વડવાનલ' (નવલકથા) | પ્રથમ ઇનામ | ગુજરાત સરકાર દ્વારા |
| ૪ | ૧૯૮૧ | સમગ્ર સર્જન | રણજિતરામ સુવર્ણચંદ્રક | ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ. |
| ૫ | ૧૯૮૧ | સમગ્ર સર્જન | સંસ્કાર ચંદ્રક | ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર |
| ૬ | ૧૯૮૦ | 'ભવની ભવાઈ' (ભવાઈ) | શ્રેષ્ઠ સંવાદ લેખક | ગુજરાત સરકાર, ગાંધીનગર દ્વારા |
| ૭ | ૧૯૯૦ | 'કાર્તિક રંગરસિયો' (હાસ્યકથા) | દ્વિતીય પારિતોષિક | ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર |
| ૮ | ૧૯૯૨ | 'એક ડાળ મીઠી' (નવલકથા) | પારિતોષિક | ગુજરાત અકાદમી ગાંધીનગર તથા ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ |
| ૯ | ૧૯૮૮ | 'કાદંબરીની મા' (લઘુનવલ) | સનતકુમાર મહેતા પારિતોષિક | ગુજરાતી સાહિત્ય સભા, અમદાવાદ |
| ૧૦ | ૧૯૯૩ | સમગ્ર સર્જન | શ્રી ક.મા.મુનશી સુવર્ણચંદ્રક | ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | ૧૯૯૫ | ‘માયાપુરુષ’ (એકાંકી) | પારિતોષિક | ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ |
| ૧૨ | ૧૯૯૫ | સમગ્ર સર્જન | ‘દર્શક એવોર્ડ’ પુરસ્કાર-૧૯૯૬ | દર્શક ફાઉન્ડેશન તરફથી |
| ૧૩ | ૧૯૯૬ | સાહિત્ય સર્જન ‘હુતાશન’ (લઘુનવલ) | નર્મદાશંકર સુવર્ણચંદ્રક | નર્મદ સાહિત્ય સભા, સુરત |
| ૧૪ | ૧૯૯૬ | ‘આગન્તુક’ (નવલકથા) | પ્રથમ પારિતોષિક | દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી |
| ૧૫ | ૨૦૦૩ | સમગ્ર સાહિત્યસર્જન | ‘ગૌરવ’ પુરસ્કાર | ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર |
| ૧૬ | | ‘ઘેર ઘેર માટીના ચૂલા’ (ફિલ્મ) | શ્રેષ્ઠ સંવાદલેખન અને ગીતલેખન પુરસ્કાર | ગુજરાત સરકાર, ગાંધીનગર તરફથી |
| ૧૭ | ૨૦૦૩ | ‘જાવલ’ (વાર્તાસંગ્રહ) | ઘનશ્યામ સરાફ સાહિત્ય પુરસ્કાર યોજના અંતર્ગત સર્વોત્તમ સાહિત્ય પુરસ્કાર | મારવાડી સંમેલન, મુંબઈ |
| ૧૮ | ૨૦૦૦ થી ૨૦૦૨ | ‘જાવલ’ (વાર્તાસંગ્રહ) | ધૂમકેતુ નવલિકા પુરસ્કાર | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ |

## ૧.૧૦ ધીરૂબહેન પટેલનું સાહિત્યસર્જન

ધીરૂબહેનનું સાહિત્ય સર્જન અવિરત વહ્યા કરે છે. તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ ‘અધૂરો કૉલ’ (૧૯૫૫) અને તેમનું પ્રથમ નાટક ‘પહેલું ઈનામ’ (૧૯૫૫) છે. ‘એક લહર’ તથા અન્ય પ્રકાશનો ત્યારબાદ પ્રસિદ્ધ થયાં. માર્ક ટ્વેઈનના અમર બાલચિત્ર ‘ટૉમ સૉયર’નો પણ તેમણે અનુવાદ બહાર પાડ્યો. “વિનાશને પંથે” તેમનું નવું ત્રિઅંકી નાટ્ય સર્જન છે.

તેમની પ્રથમ નવલકથા ‘વડવાનલ’ (૧૯૬૩) છે. ધીરૂબહેને નાટ્યસર્જનમાં નાટક, એકાંકી અને રેડિયો નાટકમાં કાર્ય કર્યું છે. ધીરૂબહેનનું અંગ્રેજી ભાષા પર પણ પ્રભુત્વ છે. ‘ટૉમ સૉયરનાં પરાક્રમો’ અને ‘હકલબરી ફિનનાં પરાક્રમો’ નામે અનુવાદ આપ્યો છે. તેમને સવિશેષ બાળસાહિત્ય અને બાળકોને અનુલક્ષમાં રાખીને બાળસાહિત્ય લખ્યાં છે. તેમાં તેમનું પ્રથમ પુસ્તક ‘અંડેરી ગંડેરી ટીપરી ટેન’ છે. તેમાં હાસ્ય-વ્યંગની મુદ્રા અંકિત થઈ છે. ધીરૂબહેને ‘કિશોર વાર્તાસંગ્રહ’ (૨૦૦૨) સંપાદન આપ્યું છે. તેમાં કિશોરોનું વૈચારિક ઘડતર થાય તેવી ઉમદા ભાવના જોઈ શકાય છે. તેઓ ફિલ્મના સંવાદલેખન, પટકથા તેમજ સિરિયલોમાં પણ સંવાદલેખન લખતાં.

અહીં ધીરૂબહેન પટેલનું સાહિત્યક્ષેત્રે પ્રદાનની ક્રમિક યાદી રજૂ કરી છે, જે નીચે મુજબ છે :

### ધીરૂબહેન પટેલની સાહિત્યસૃષ્ટિ :

**(ક) નવલકથા**

ધીરૂબહેન પટેલ પાસેથી વિવિધ વિષયોનું અલેખન કરતી અગિયાર જેટલી નવલકથાઓ આપણને મળે છે. દરેક નવલકથા પોતાનો આગવો જ વિષય લઈને આવે છે. ધીરૂબહેનનું સર્જન મોટેભાગે સમાજ કેન્દ્રસ્થ હોય છે.

ધીરૂબહેન પટેલની કુલ અગિયાર નવલકથાઓમાં 'વડવાનલ' (૧૯૬૩), 'શીમળાનાં ફૂલ' (૧૯૭૬), 'વાવંટોળ' (૧૯૭૯), 'વમળ' (૧૯૭૯), 'ગગનનાં લગન' (૧૯૮૪), 'કાદંબરીની મા' (૧૯૮૮), 'એક ફૂલગુલાબી વાત' (૧૯૯૦), 'એક ડાળ મીઠી' (૧૯૯૨), 'પેઈંગ ગેસ્ટ' (૧૯૯૮), 'સંશયબીજ' (૧૯૯૮), 'અતીતરાગ' (૨000) વગેરેનો સમાવેશ થાય છે.

કૃષ્ણવીર દીક્ષિતના આગ્રહને વશ થઈ 'વડવાનલ' પ્રથમ નવલકથાનું લેખનકાર્ય ધીરૂબહેને શરૂ કર્યું હતું. 'વડવાનલ' નવલકથા 'ગુજરાત મિત્ર' સાપ્તાહિકમાં હપ્તાવાર છપાયેલું. 'વડવાનલ' (૧૯૬૩) ૬૨૨ પાનાની દીર્ઘ પટ ધરાવતી નવલકથા છે. આ નવલકથાનું કથાવસ્તુ રેખાના જન્મથી માંડીને તેના જેલ-જીવન સુધી પથરાયેલું જોવા મળે છે. સ્નેહરહિત લગ્નનું એક માત્ર સંતાન એવી રેખાના જીવનમાં અજંનાનું પાત્ર પ્રવેશતાં જ સંઘર્ષનો પ્રારંભ સર્જાય છે. અંજનાનું ખૂન કરીને જેલમાં આવેલી રેખા પોતાના જીવનની આપવીતી રૂપે લખેલી એક નોટ જૈન સાધ્વીને આપે છે.

'વાવંટોળ' (૧૯૭૯) નવલકથામાં જેના જીવનમાં વંટોળ જન્મ્યો છે. તેવી 'તાયા' કથાનું મુખ્ય પાત્ર બને છે. તાયાના જન્મ-જીવન અને મૃત્યુને આવરી લેતી આ નવલકથા તાયાનું જીવન-ચરિત્ર દર્શાવે છે. 'શીમળાના ફૂલ' (૧૯૭૬) નવલકથામાં ભગ્ન દામ્પત્ય જીવનનું કથાવસ્તુ છે.

'વમળ' (૧૯૭૯) નવલકથાની નાયિકા સ્વાતિ છે. જેના જીવનમાં વમળ જન્મે છે. બે જન્મના વમળમાં અટવાતું સ્વાતિનું જીવન એ નવલકથાનું કથાવસ્તુ બને છે. તેમાં

મુખ્ય બે ઘટનાઓ છે. એક વર્તમાનમાં આગળ વધે છે. બીજી ભૂતકાળની ઘટના જે ઉપકથા બની રહે છે.

'ગગનના લગન' (૧૯૮૪) હાસ્યપ્રધાન નવલકથા છે. આ નવલકથામાં 'ગગન' અને 'લગન' બંને કેન્દ્રમાં છે. લગ્નોત્સુક 'ગગન' અને તેના લગનથી જે ગૂંચવણો ઊભી થાય છે, એમાંથી હાસ્ય પ્રગટે છે.

'કાંદબરીની મા' (૧૯૮૮) કથાનો આરંભ બે સ્ત્રીઓની નજરને માપતી હોય છે. જન્મ આપનાર મા અને સાસુ એ બે જ આ કથામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. સાસુ માના સ્થાને બિરાજે છે. 'એક ફૂલગુલાબી વાત' (૧૯૨૦) એ હળવી રમૂજી શૈલીની નવલકથા છે. મધુસુદનના પાત્ર દ્વારા લેખિકા હાસ્ય ઉપજાવે છે.

'એક ડાળ મીઠી' (૧૯૯૨)માં પ્રગટ થયેલી નારીવાદી નવલકથા છે. દહેજપ્રથાને કારણે નિર્ધન દીકરીઓને વેઠવી પડતી મુશ્કેલીઓનું  નિરૂપણ થયું છે.

'પેઈંગ ગેસ્ટ' (૧૯૯૮) નવલકથામાં નાયક બિરજુનું જીવન વૃત્તાંત છે. 'સંશયબીજ' (૧૯૯૮) નવલકથામાં નાયક અભિજિતના અસ્તિત્વની વાત છે. વર્ષોના સંશોધન પછી નાયક કશું જ પામતો નથી.

'અતીતરાગ' (૨૦૦૨) નવલકથામાં નાયિકા વેણુની પરિસ્થિતિ દર્શાવી છે. બિસ્તમાર હાલતે પહોંચેલા ત્રિભુવન ભુવનના સમારકામ માટે ત્રણમાંથી એક પણ ભાઈને ચિંતા નથી. અંતે જવાબદારીનો બોજો હળવો કરવા સર્જક શૈનકને વિદેશથી બોલાવી લે છે. શૈનક વેણુને અમેરિકા લઈ જાય છે.

'અનુસંધાન' (૨૦૦૨) નવલકથાના મુખ્ય કથાતંતુમાં શ્રીધરની શાંતિથી મરવાની ઇચ્છા અને પોતાનાથી થયેલી ભૂલોની માફી માંગે છે.

આ રીતે ધીરૂબહેન પટેલની નવલકથાઓમાં માનવી પ્રત્યેનાં જીવનમૂલ્યોની વ્યથા અને તેનું નિરાકરણ જોવા મળે છે.

## (ખ) લઘુનવલ

ધીરૂબહેન પટેલની નવલકથાઓની જેમ જ લઘુનવલો પ્રચલિત છે. જેમાં 'વાંસનો અંકુર' (૧૯૬૭), 'એક ભલો માણસ' (૧૯૭૯)' 'આંધળી ગલી' (૧૯૮૩), 'હુતાશન' (૧૯૯૩), 'આગતુંક' (૧૯૯૬) વગેરે લઘુનવલોનો સમાવેશ થાય છે.

'વાંસનો અંકુર' (૧૯૭૬) ઉત્તમ લઘુનવલ બની છે. કથાનો નાયક કેશવના મનોસંઘર્ષનું આલેખન છે.

'એક ભલો માણસ' (૧૯૭૯) લઘુનવલનો નાયક ઓચ્છવલાલ મુંબઈની એક વેપારી પેઢીમાં મુનીમની ફરજ બજાવે છે. તે દાણચોરીના ધંધામાં કેવી રીતે ઝંપલાવે તે ઘટનાનું નિરૂપણ છે.

'હુતાશન' (૧૯૯૩) લઘુનવલમાં એક સ્ત્રી બીજી સ્ત્રીના સંસારને કેટલી હદે અસ્તવ્યસ્ત કરે છે તેનો નિર્દેશ છે. આ લઘુનવલમાં વત્સલા અને રોહિત પુત્રવધૂના આગમનથી કંકાસ વધતાં  ઘર છોડી બીજે રહેવા જવાનો નિર્ણય કરે છે.

## (ગ) વાર્તાસંગ્રહ

ધીરૂબહેન પટેલે પાંચ વાર્તાસંગ્રહો આપ્યા છે. જેમાં 'અધૂરો કૉલ' (૧૯૫૫), 'એક લહર' (૧૯૫૭), 'વિશ્રંભકથા' (૧૯૬૬), 'ટાઢ' (૧૯૮૭), અને 'જાવલ' (૨૦૦૧)નો સમાવેશ થાય છે. જેના વિશે વિસ્તૃતમાં અભ્યાસ કરીશું.

## (ઘ) હાસ્યકથા

ધીરૂબહેન પટેલ હાસ્યકથાકાર તરીકે પણ ખ્યાતિ પામ્યાં છે. તેમણે 'કાર્તિક અને બીજા બધાં ભાગ: ૧-૨' (૧૯૮૮), 'કાર્તિક રંગરસિયો' (૧૯૯૦) નામે હાસ્યકથાઓ આપી છે.

'કાર્તિક અને બીજા બધા ભાગ-૧' માં કાર્તિકના ઘરના કૌટુંબિક વાતાવરણને અનુલક્ષીને રોજબરોજ જે ઘટનાઓ બને છે, તેમાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે. આ ભાગમાં 'ઠંડી અને બંડી', 'જડાવ', 'અમેરિકા હું આવું છું', તેમજ 'કાતર અને કટોકટી' વગેરે જેવી હાસ્યકથાઓ છે.

'કાર્તિક અને બીજા બધા ભાગ-૨' માં આજના મુંબઈના જુવાનિયાના પારસ્પરિક સંબંધો, એમની આકાંક્ષાઓની કથા દર્શાવી છે. આ ભાગમાં 'કળિયુગની કથા', 'મમ્મીનો મદદગાર', 'છત્રીનું છમકલું', 'હો રંગરસિયા', 'દિવાળીનો રંગ' વગેરેમાં કાર્તિક અને પિતા શ્રીકાંતભાઈના પાત્ર દ્વારા હાસ્ય નિષ્પન્ન થાય છે.

## (ચ) ભવાઈ

'ભવની ભવાઈ' (૧૯૮૮) લોકનાટ્ય ભવાઈના એક વેશ પરથી કરેલો કથા વિસ્તાર છે. એનાં ગીતો અને સંવાદો ધીરૂબહેને લખેલાં. આ ભવાઈને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી હતી. 'ભવની ભવાઈ'માં ભવાઈના સ્વરૂપને અકબંધ રાખ્યું છે.

## (છ) નાટક

નાટ્યકાર ધીરૂબહેન પટેલે 'પહેલું ઈનામ' (૧૯૫૫), 'પંખીનો માળો' (૧૯૫૬), અને 'વિનાશને પંથે' (૧૯૬૧) એમ ત્રણ નાટ્યસંગ્રહો આપ્યા છે.

'પહેલું ઈનામ' ત્રિઅંકી પ્રહસન નાટક છે. નાટકમાં નાયક રઘુને પોણા લાખ રૂપિયાનું ઈનામ મળે છે. તેમાંથી આખા નાટકની બાંધણી તૈયાર થઈ છે. રઘુને પૈસાની પૂરતી ગણતરી કરતાં પણ આવડતું નથી. રઘુનો મિત્ર પોપટલાલ મિત્રોની મદદથી

મુંબઈ રહેવા જાય છે. રઘુનાથને ધંધામાં પાયમાલ કરી એના મિત્રો ભિખારી બનાવી દે છે.

'પંખીનો માળો' ધનસુખલાલ મહેતા અને ધીરૂબહેન પટેલ બંનેના સહકારથી સાથે મળીને રજૂ કરેલ નાટક છે. આ નાટકમાં કુંદનરાય અને લક્ષ્મીના સંબંધનું સુંદર આલેખન છે.

'વિનાશને પંથે' ધીરૂબહેન પટેલનું ગુજરાતી સાહિત્યનું પ્રચલિત ત્રિઅંકી નાટક છે. જેમાં નવી પેઢી અને જૂની પેઢીના નૈતિક મૂલ્યોની વાત કરી આંધળું અનુકરણ કરતાં પશ્ચિમીકરણની અસરો દર્શાવી છે.

## (જ) રેડિયો નાટક

ધીરૂબહેન પટેલે 'મનનો માનેલો' (૧૯૫૯), 'માયાપુરુષ' (૧૯૯૫) અને 'આકાશમંચ' (૨૦૦૫) ત્રણ રેડિયો નાટકો આપ્યાં છે.

'મનનો માનેલો' રેડિયો એકાંકીઓમાં સમાજની જુદી જુદી સમસ્યાઓને શબ્દબદ્ધ કરી વાચક સમક્ષ મૂકી છે. એમાં મુખ્યત્વે 'પ્રોફેસર સાહેબ', 'શીશામાં ઉતાર્યો', 'સોનાની કટારી', 'મામાજીનો કાકાકૌઆ', 'પીળા પડદા' અને 'મનનો માનેલો' નાટકોનો સમાવેશ છે.

'માયાપુરુષ' નાટ્યસંગ્રહમાં બાર નાટકોનો સમાવેશ છે. આ નાટકો વારંવાર આકાશવાણી રેડિયો પર સફળ રીતે ભજવાયેલાં છે.

## (ઝ) એકાંકીસંગ્રહ

ધીરૂબહેન પટેલે 'નમણી નાગરવેલ' (૧૯૬૧) એકાંકીસંગ્રહ રજૂ કર્યો. 'મા:', 'ક્ષતિ', 'નમણી નાગરવેલ' જેવા એકાંકીઓમાં નારીની છબી ઉપસી આવે છે. 'નારી

નગર'માં કટાક્ષયુક્ત શૈલીનો વિનિયોગ કરાયો છે. 'દાદાજી' એકાંકીમાં જૂની તેમજ નવી પેઢી વચ્ચેના અંતરને કારણે થતા સંઘર્ષનું આલેખન છે.

**(ટ) બાળનાટકો**

ધીરૂબહેન પટેલને બાળકો પહેલેથી જ વધુ પ્રિય રહ્યા છે. તેમણે આપેલું બાળસાહિત્ય જીવન માટે પ્રેરણારૂપ નીવડ્યું છે. તેમણે 'અંડેરી ગંડેરી ટીપરી ટેન' (૧૯૬૬), 'મિત્રાનાં જોડકણાં' (૧૯૭૩), 'પરદુ:ખ ભંજન પેસ્તનજી' (૧૯૭૮), 'બતકનું બચ્ચું' (૧૯૮૩), 'ગોરો આવ્યો' (૧૯૮૭), 'ગગનચાંદનું ગધેડું' (૨૦૦૧), 'સૂતરફેણી' (૨૦૦૮), 'મમ્મી! તું આવી કેમ?' (૨૦૧૪), 'પાઈપાઈ' (૨૦૧૬), 'આરબ અને ઊંટ' (૨૦૧૬) વગેરે બાળનાટકો લખ્યાં છે.

**(ઠ) બાળસાહિત્ય**

ધીરૂબહેન પટેલના બાળસાહિત્યમાં 'બતકનું બચ્ચું' (૧૯૮૩), 'ડ્રેન્ડીડાડ' (૨૦૧૩), 'મિસીસિસ્તુરબબુઆ અને વરસાદ' (૨૦૧૩), 'ગાડાના પૈડા જેટલા રોટલાની વાત' (૨૦૧૪), 'મીનુની મોજડી' (૨૦૧૪), 'કાકુમાકુ અને પૂંછડીની પંચાત' (૨૦૧૪), 'કીનુ કાનખજૂરો' (૨૦૧૬) વગેરે લખ્યાં છે.

**(ડ) અનુવાદ**

ધીરૂબહેન પટેલે વિશ્વના ખૂબ જાણીતા તેમજ ઉત્તમ હાસ્યલેખક એવા સેમ્યુઅલ લેંગહોર્ન ક્લેમન્ઝે ઉર્ફે મર્કટવેનની ચિરંજીવી કૃતિઓ 'ટૉમ સૉયરનાં પરાક્રમો' (૧૯૬૦), 'હકલબરી ફિનનાં પરાક્રમો' (૧૯૬૭), 'ચાલો હસીએ' (૧૯૯૫)નાં અનુવાદો કર્યાં છે.

'ટૉમ સાયર'ના પરાક્રમો તેમજ 'હકલબરી ફિનનાં પરાક્રમો'માં પ્રગટ થયેલ અનુવાદિત કૃતિઓ છે. આ કૃતિઓમાં ભાષાંતરની સાથે સાથે તેનાં મૂળ પાત્રો, સ્થળો, ત્યાંની રહેણીકરણી, સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓ એ સર્વને તેનાં મૂળસ્વરૂપમાં દર્શાવ્યાં છે.

'ચાલો હસીએ' ૧૯૯૫માં રજૂ થયેલ અનુવાદિત કૃતિ છે. તેમાં એશિયા તથા પેસિફિક દેશોની વાર્તાઓ, ઉખાણાં તથા કહેવતોનો અનુવાદ કર્યો છે.

### (ઢ) સંપાદન

સંપાદન કાર્યમાં ધીરૂબહને બાળકો સાથેના સ્નેહને કારણે તેમણે કિશોરને ઉપયોગી એવાં પુસ્તકો વધુ આપ્યાં છે. 'કિશોર વાર્તાસંગ્રહ'માં (૨૦૦૨) બારથી સોળ વર્ષના બાળકોને નજર સમક્ષ રાખીને વાર્તાઓ સંગ્રહિત કરવામાં આવી છે.

### (ણ) કવિતા

ધીરૂબહેન પટેલે 'કિચન પોએમ્સ'  (૨૦૦૫) કવિતા રચી હતી.

### સમાપન :

આમ, ધીરૂબહેન પટેલ એક સમર્થ સાહિત્યકાર છે. તેઓનો જન્મ ઈ.સ. ૧૯૨૬માં થયો હતો. તેમની વિદ્યાર્થીની તરીકેની કારકીર્દિ યશસ્વી છે. તેમને માતૃભાષા માટે સવિશેષ લગાવ છે. તેમના જીવનઘડતરમાં માતા-પિતા ઉપરાંત ગુરુજનો–સ્નેહીજનોનો અનન્ય ફાળો છે. તેમણે ઈ.સ. ૧૯૪૯માં અધ્યાપિકાનો વ્યવસાય સ્વીકાર્યો અને અધ્યાપન કાર્ય કર્યું. તેમણે ઈ.સ. ૧૯૬૩-૬૪ના અરસામાં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને

પોતાની 'કલ્કિ પ્રકાશન' સંસ્થા શરૂ કરી. તેઓ નાનપણથી જ વાંચનનો શોખ ધરાવે છે. તેઓ સત્યનાં આગ્રહી, સ્વભાવે સંવેદનશીલ, સ્નેહાળ અને સ્વમાની છે. ધીરૂબહેન પટેલે ગુજરાતી સાહિત્યમાં અનેકવિધ સ્વરૂપોમાં ખેડાણ કર્યું છે. તેમાં નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, બાળસાહિત્ય, અનુવાદ, સંપાદનના ક્ષેત્રોમાં મહત્વનું પ્રદાન કર્યું છે.

ધીરૂબહેન કેવળ સર્જક નથી સર્જકતાની સાથે પ્રકાશન સંસ્થાઓને સમર્પિત કરવાની સભાનતા સર્વત્ર જોવા મળે છે.

---

[i] 'સર્જકની આંતરકથા', (સં) ઉમાશંકર જોશી, લેખ: 'વિસ્મય સાથે ગૂઢ સંબંધ', લેખિકા: ધીરૂબહેન પટેલ, પ્ર.આ.૧૯૮૪, પૃ.૧૦૨

[ii] 'અધૂરો કૉલ', લેખિકા: ધીરૂબહેન પટેલ, પ્ર.આ.૧૯૫૫, પૃ. ૨

[iii] 'શીમળાના ફૂલ', લેખિકા: ધીરૂબહેન પટેલ,પ્ર.આ.૧૯૭૬, પૃ. ૧

[iv] 'સર્જકની આંતરકથા', (સં) ઉમાશંકર જોશી, લેખ: 'વિસ્મય સાથે ગૂઢ સંબંધ', લેખિકા: ધીરૂબહેન પટેલ, પ્ર.આ.૧૯૮૪, પૃ.૧૦૨

[v] 'સર્જકની આંતરકથા', (સં) ઉમાશંકર જોશી, લેખ: 'વિસ્મય સાથે ગૂઢ સંબંધ', લેખિકા: ધીરૂબહેન પટેલ, પ્ર.આ.૧૯૮૪, પૃ.૧૦૨

[vi] 'સર્જકની શિક્ષક-ગાથા', (સં) ઈશ્વર પરમાર, પ્ર.આ.૧૯૯૦, પૃ. ૬૪

[vii] 'ટાઢ' વાર્તાસંગ્રહ, લેખિકા: ધીરૂબહેન પટેલ, પ્ર.આ. ૧૯૮૭

[viii] 'બુદ્ધિપ્રકાશ', એપ્રિલ, ૧૯૮૪, લેખ: "કેફિયત", ધીરૂબહેન પટેલ, પૃ. ૧૪૩

[ix] 'ધીરૂબહેન પટેલનું કથાસાહિત્ય', લેખિકા: નિરંજનાબહેન જોશી, પ્ર.આ. ૨૦૦૯, પૃ.૧૭.

[x] 'સર્જકની આંતરકથા', (સં) ઉમાશંકર જોશી, લેખ: 'વિસ્મય સાથે ગૂઢ સંબંધ', લેખિકા: ધીરૂબહેન પટેલ, પ્ર.આ.૧૯૮૪, પૃ.૧૦૨

[xi] 'સર્જકની આંતરકથા', (સં) ઉમાશંકર જોશી, લેખ: 'વિસ્મય સાથે ગૂઢ સંબંધ', લેખિકા: ધીરૂબહેન પટેલ, પ્ર.આ.૧૯૮૪, પૃ.૧૦૫

[xii] 'સર્જકની આંતરકથા', (સં) ઉમાશંકર જોશી, લેખ: 'વિસ્મય સાથે ગૂઢ સંબંધ', લેખિકા: ધીરૂબહેન પટેલ, પ્ર.આ.૧૯૮૪, પૃ.૧૦૬

[xiii] 'શબ્દસૃષ્ટિ', અંક: ૧૧-૧૨, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૦૨, લેખ: મુલાકાત:ધીરૂબહેન પટેલ, લેખિકા શરીફા વીજળીવાળા, પૃ. ૨૨૫